ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### મા તુલજા ભવાની મંદિર ખાતે ચૈત્રી નવરાત્રીના પ્રસંગે આઠમની ભવ્ય ઉજવણી કરવામાં આવી



**પાદરા** : પાદરા તાલુકાના રણુ ગામે બિરાજમાન મા તુલજા ભવાની મંદિર ખાતે ચૈત્રી નવરાત્રીના પાવન પ્રસંગે આઠમની ભવ્ય ઉજવણી શ્રદ્ધાભાવે કરવામાં આવી હતી. આ પ્રસંગે માતાજીને મહા પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ બટુક, કુમારિકા તથા બ્રાહ્મણોને મહાપ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. સાથે સાથે ભક્તો માટે વિશેષ દર્શન, મહા આરતી સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રાધામ રણુ ખાતે માતાજીના દર્શનાર્થે આવતા હજારો ભક્તોના કલ્યાણાર્થે મંદિરના મહંત કવીન્દ્રગીરીજી દ્વારા નવચંડી યાગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેની આજે વિધિવત પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. યાગ દરમિયાન મહંતશ્રી તેમજ ભક્તો દ્વારા શ્રીફળની આહુતિ અર્પણ કરી ધાર્મિક વિધિઓ પૂર્ણ કરવામાં આવી હતી. ચૈત્રી નવરાત્રીના આ પવિત્ર દિવસે મંદિર પરિસરમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી અને આખો દિવસ અભૂતપૂર્વ ધસારો રહ્યો હતો. આ પાવન પ્રસંગ શ્રદ્ધાળુઓ માટે આધ્યાત્મિક આનંદ અને અનુષ્ઠાનનો માંગલિક અવસર બની રહ્યો હતો. હજારો ભક્તોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

### શિનોર ખાતે આવેલ વેરાઈ માતાના મંદિરે નવચંડી યજ્ઞનું આયોજન થયું

**શિનોર** : ચૈત્ર સુદ આઠના પાવન અવસરે આઠમી નવરાત્રી નિમિત્તે શિનોર ખાતે બસ સ્ટેન્ડ નજીક આવેલ વેરાઈ માતાના મંદિર ખાતે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી ધાર્મિક લાભ લીધો અને માતાજીની આરતીમાં જોડાઈ આશીર્વાદ પ્રાપ્ત કર્યા. શિનોર તાલુકાના બસ સ્ટેન્ડ નજીક આવેલ પ્રસિદ્ધ વેરાઈ માતાના મંદિર ખાતે ચૈત્ર સુદ આઠના શુભ દિવસે નવચંડી યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞમાં ચાર પવિત્ર દંપતીઓએ વૈદિક વિધિ મુજબ બેઠા રહી યજ્ઞનો લાભ લીધો હતો. સમગ્ર યજ્ઞવિધિ નિલેશ મહારાજના આચાર્ય પદે તેમજ તેમના સહ ભૂદેવોના વૈદિક મંત્રોચ્ચાર સાથે ભક્તિભાવપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. યજ્ઞ દરમિયાન મંદિર પરિસરમાં ધાર્મિક માહોલ છવાઈ ગયો હતો અને ભક્તોમાં ખાસ ઉત્સાહ અને શ્રદ્ધા જોવા મળી હતી. યજ્ઞની પૂર્ણાહુતિ સમયે ગામના તેમજ આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. ભક્તોએ માતાજીની આરતીમાં જોડાઈ આશીર્વાદ મેળવ્યા હતા અને સમગ્ર કાર્યક્રમમાં ધાર્મિક એકતા અને ભક્તિભાવનો સુંદર માહોલ જોવા મળ્યો હતો. આ પ્રસંગે આયોજકો દ્વારા ભક્તોને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી અને સમગ્ર આયોજન સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

### સંતરામ મંદિર ખાતે રામ નવમી પર્વ નિમિત્તે ઉજવાતો વાર્ષિકોત્સવ ભવ્ય રીતે સંપન્ન



**પાદરા** : પાદરા ના પ્રસિદ્ધ શ્રી સંતરામ મંદિર ખાતે રામ નવમી પર્વ નિમિત્તે ઉજવાતો વાર્ષિકોત્સવ ભવ્યતા અને ભક્તિભાવ સાથે ઉજવાયો હતો. છેલ્લા બે સપ્તાહથી ચાલી રહેલા વિવિધ ધાર્મિક તેમજ સેવાકીય કાર્યક્રમોનું સમાપન રામ નવમીના પવિત્ર દિવસે કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ હાજરી આપી ધાર્મિક લ્હાવો લીધો હતો. મંદિરના મહંતશ્રી મોહનદાસજી મહારાજના પાવન સાંનિધ્યમાં તા. 13 માર્ચથી કાર્યક્રમોની શરૂઆત કરવામાં આવી હતી. તા. 13થી 19 દરમિયાન મંદિર ખાતે ધાર્મિક કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ સમાજસેવાના ભાગરૂપે નેત્ર મેડિકલ કેમ્પ યોજાયો હતો, જેમાં અનેક લોકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત પાદરાના સખી મંડળો દ્વારા ભજન-કીર્તન, ગૌ પૂજન અને વિષ્ણુ યાગ જેવા ધાર્મિક કાર્યક્રમો પણ યોજાયા હતા, જેના કારણે સમગ્ર મંદિર પરિસરમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો. રામ નવમીના દિવસે વહેલી સવારથી જ મંદિર ખાતે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. દિવસ દરમિયાન વિવિધ ધાર્મિકવિધિઓ અને ભજનોનું આયોજન કરવામાં આવ્યું હતું. અંતે દિવ્ય મહાઆરતી યોજાઈ હતી, જેમાં રાજ્યના વિવિધ ગામોમાંથી સંતો અને મહંતો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### 30 બહેનોને પતંગ બનાવટ ની તાલીમ આપી પ્રમાણપત્ર અને સ્ટાઈપેન્ડ એનાયત કરાયા



**છોટાઉદેપુર** : છોટાઉદેપુર ખાતે ગુજરાત માટીકામ દ્વારા ૧ માસીય કાઈટ મેકિંગ (પતંગ બનાવટ) તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. આ તાલીમમાં કુલ 30 બહેનોને તાલીમ આપવામાં આવી હતી. તાલીમ પૂર્ણ થતાં તમામ બહેનોને રૂ. ૪૫૦૦ સ્ટાઈપેન્ડ તથા પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નગરપાલિકા સભ્ય અસમાબેન પઠાણ દ્વારા બહેનોને સંબોધન કરતા જણાવ્યું હતું કે મહિલાઓ આત્મનિર્ભર બને અને પોતાના પગ પર ઊભી રહે તે માટે તાલીમ અને સ્વરોજગાર ખૂબ જરૂરી છે. તેઓ દ્વારા શહેરની જરૂરિયાતમંદ મહિલાઓ સુધી વિવિધ સરકારી યોજનાઓનો લાભ પહોંચાડવા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે અને આવી તાલીમો દ્વારા મહિલાઓને રોજગારીના નવા અવસર મળી રહ્યા છે. આ પ્રસંગે તાલીમાર્થી બહેનો દ્વારા ટ્રેનર તથા સરકારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### હનુમાન દાદાના જન્મોત્સવની ભવ્ય ઉજવણીનું આયોજન

**પાદરા** : પાદરા તાલુકાના હુસેપુર ગામ ખાતે આવેલ શ્રી કષ્ટભંજન દેવ તથા શ્રી શનિધામ મંદિર ખાતે આવનાર તા. ૦૨ એપ્રિલ ૨૦૨૬, ગુરૂવારના રોજ હનુમાન જયંતિના પાવન પ્રસંગે હનુમાન દાદાના જન્મોત્સવની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. ચૈત્ર સુદ પૂનમના શુભ દિવસે યોજાનાર આ ધાર્મિક કાર્યક્રમમાં ભક્તજનો માટે વિવિધવિધ વિધિપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. બપોરે ૩ થી ૫ વાગ્યા દરમિયાન વૈદિક મહાપૂજા તથા હવન યોજાશે, ત્યારબાદ સાંજે ૫:30 કલાકે શ્રી ફળહોમ તથા પૂર્ણાહુતિ કરવામાં આવશે. કાર્યક્રમના અંતે સાંજે ૬:૦૦ કલાકે મહાપ્રસાદી (ભોજન)નું આયોજન પણ રાખવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું આયોજન શ્રી શનિધામ મંદિર ટ્રસ્ટ દ્વારા મહંત શ્રી મોહનદાસજી મહારાજ (હુસેપુર)ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પાદરા ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા તેમજ પૂર્વ ધારાસભ્ય તથા બરોડા ડેરીના ચેરમેન દિનેશભાઈ પટેલ (દિનુમામા), પૂર્વ ધારાસભ્ય જસપાલસિંહ પઢિયાર ઉપસ્થિત રહેશે. આ શુભ ધાર્મિક પ્રસંગે મંદિરના પુજારીશ્રી કેયુર મહારાજ, સંતોષ મહારાજ તેમજ ગામના અગ્રણીઓ દ્વારા સર્વે ભાવિક ભક્તોને હાજરી આપી ધર્મલાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવાયું છે. હુસેપુર ગામના પાદરા-કરજણ રોડ પર આવેલ મંદિર ખાતે યોજાનાર આ કાર્યક્રમને લઈ ગ્રામજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

---

#### વઘાચ અને નસવાડી બેઠક બનશે 'કિંગમેકર', કોંગ્રેસ-ભાજપ વચ્ચે મરણિયો જંગ નિશ્ચિત

## નસવાડીની બે બેઠકો પર રાજકીય રસાકસી તેજ

**૩૨માંથી** ફક્ત ૨ સામાન્ય બેઠકો હોવાથી પ્રમુખ પદ માટે નસવાડી તાલુકો બન્યો કેન્દ્રબિંદુ

**છોટાઉદેપુર** જિલ્લા પંચાયત પ્રમુખ પદ સામાન્ય થયું



(પ્રતિનિધિ) નસવાડી, તા.27

રાજ્ય સરકાર દ્વારા જિલ્લા પંચાયત પ્રમુખ પદની અનામત જાહેર થતાં છોટાઉદેપુર જિલ્લા પંચાયત પ્રમુખની બેઠક સામાન્ય જ્ઞાતિ માટે ફાળવાતા હવે સમગ્ર રાજકીય સમીકરણ નસવાડી તાલુકાની બે બેઠકો પર આવીને અટક્યું છે. જિલ્લામાં કુલ ૩૨ બેઠકોમાંથી ફક્ત નસવાડી અને વઘાચ જિલ્લા પંચાયત બેઠકો જ સામાન્ય હોવાને કારણે આ બંને બેઠકો હવે નિર્ણાયક બની ગઈ છે.

છોટાઉદેપુર આદિવાસી વિસ્તાર ધરાવતો જિલ્લો છે, જેમાં નસવાડી, બોડેલી, સંખેડા, કવાંટ, પાવીજેતપુર, છોટાઉદેપુર અને કદવાલ એમ સાત તાલુકાઓનો સમાવેશ થાય છે. જિલ્લામાં ૨૭ બેઠકો અનુસૂચિત આદિજાતિ, ૨ બક્ષીપંચ, ૧ અનુસૂચિત જાતિ અને ૨ સામાન્ય બેઠકો ફાળવવામાં આવી છે. પરિણામે પ્રમુખ પદ માટે માત્ર નસવાડી તાલુકાની બે બેઠકો જ મહત્વપૂર્ણ બની છે.

વઘાચ બેઠક પર છેલ્લા ૨૦ વર્ષથી કોંગ્રેસનો કબજો રહ્યો છે, જ્યારે નસવાડી બેઠક પર મતદારો દર પાંચ વર્ષે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે બદલાવ કરતા આવ્યા છે. ગત ચૂંટણીમાં અહીં ભાજપનો ઉમેદવાર વિજેતા રહ્યો હતો. આથી આવનારી ચૂંટણીમાં બંને પક્ષો માટે આ બેઠકો પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની છે અને અહીં મરણિયો જંગ થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

વઘાચ અને નસવાડી બંને બેઠકો આદિવાસી સમાજની વસ્તી ધરાવતા વિસ્તારો છે. જો રાજકીય પક્ષો સામાન્ય ઉમેદવારને ટિકિટ આપે અને સામે આદિવાસી સમાજના ઉમેદવારો મજબૂત રીતે મેદાનમાં ઉતરે તો બંને બેઠકો પર તેમના વિજેતા બનવાની શક્યતા ઉભી થઈ શકે છે. તેવી સ્થિતિમાં જિલ્લા પંચાયત પ્રમુખ પદ માટે કોઈ પણ પક્ષને સ્પષ્ટ બહુમતી ન મળે તેવી પરિસ્થિતિ સર્જાઈ શકે છે. હાલમાં ત્રણેય મુખ્ય રાજકીય પક્ષો માટે નસવાડી તાલુકો 'હોટ ફેવરિટ' તરીકે ઉભરી આવ્યો છે.

#### તાલુકા પંચાયત પ્રમુખ પદની અનામત વિગતો



**બોડેલી** : બિન અનામત મહિલા સામાન્ય
**સંખેડા** : બિન અનામત સામાન્ય
**છોટાઉદેપુર** : અનુસૂચિત જાતિ પુરુષ
**પાવીજેતપુર** : અનુસૂચિત જાતિ મહિલા
**કવાંટ** : અનુસૂચિત જાતિ મહિલા
**નસવાડી** : અનુસૂચિત જાતિ સામાન્ય
**કદવાલ** : બક્ષીપંચ બેઠક

આદિવાસી ઉમેદવારોની એન્ટ્રીથી સમીકરણ બદલાય તેવી શક્યતા

### કવાટ શ્રી રામજી મંદિરમાં રામનવમી ધામધૂમથી ઉજવણી



**કવાટ** : કવાટ નગરમાં આવેલ પૌરાણિક શ્રી રામજી મંદિરમાં શ્રીરામ સેના દ્વારા આજરોજ તારીખ 27 3 2026 શુક્રવાર ના રોજ રામનવમી ની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી જેમાં સવારના 7 કલાકે મંગળા આરતી બપોરે 12 કલાકે જન્મોત્સવ રામધૂન પંચામૃત સ્નાન ત્યારબાદ બપોરના 4 કલાકે શ્રી રામજી મંદિર થી શોભાયાત્રા નીકળી કવાટ નગરમાં ખૂબ મોટી સંખ્યામાં ભક્તો આ શોભાયાત્રામાં ઉમટી પડ્યા હતા અને ત્યારબાદ સાંજે 07:00 કલાકે મહાપ્રસાદી ભંડારાનું પણ આયોજન શ્રીરામ સેના દ્વારા કરવામાં આવ્યું હતું

## કરનાળી પીપળીયા મા ભૂમાફિયા ઓ દ્વારા ટ્રક ચાલક પર જીવલેણ હુમલો !!



(પ્રતિનિધિ) ડભોઈ, તા.27

ડભોઈ તાલુકા મા ઓરસંગ ની સફેદ રેતી સોના ના ભાવે બજારમાં વેચાણ થાય છે જેને લઈ ભૂમાફિયા ઓ ફાટી ને આકાશે ગયા છે છોટાઉદેપુર થી ચાંદોદ સુધી ઓરસંગ ની સફેદ રેતી માટે ભૂમાફિયા ઓ સક્રિય બન્યા છે જેમાં ખાણખનીજ ના આશીર્વાદ ને લઈ ફાટી ને આકાશે ગયા છે.

બનાવ ની વિગત એવી છે સૂરત ના નાગજી ભાઈ ચોસલા અને તેમના મિત્ર જીતુભાઈ પડધીર શનોર ના રહીશ કલ્પેશ ભાઈ રબારી ની લીઝ મા રેતી ભરવા આવેલા પણ રોયલ્ટી નો સમય પુરો થઈ જતાં તેઓ નદી પાસે જ રાત્રીરોકાણ કરેલ પણ સમય જતાં રાત્રી ના સમયે ત્રણ ઈસમો આવી નાગજીભાઈ અને જીતુભાઈ સાથે મારામારી કરેલ અને હવે પછી અહીં રેતી ભરવા આવશો તો રેતી મા દાટી દઈશું એવી ધમકી આપેલ. કહે છે ત્રણેય ઈસમો એ મારામારી સાથે બિભત્સ ગાળો પણ આપેલ જે બાદ તેઓ ને ડભોઇ ની પ્રમુખ સ્વામી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

સુત્રો માંથી જાણવા મળ્યાં મુજબ અજાણ્યા ત્રણ ઈસમો કરનાળી ના ભૂપિન તડવી, પૃથ્વી તડવી અને પ્રતિક તડવી હોવાનુ બહાર આવવા પામ્યું છે કરનાળી ના ઓરસંગપટ મા ચાલતી ચર્ચા મુજબ ભૂપિન તડવી ગેરકાયદે રેત ખનન નો મોટો માફીયા હોવાની વિગતો જાણવા મળી છે ચાંદોદ પોલીસે ત્રણેય ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા ની ૨૦૨૩ ની કલમ ૧૧૫(૨), ૧૧૮ (૧) , ૩૧૪, ૩૫૧(૩) ૨૯૬ બી અને ૧૩૫ ની કલમો લગાડી તપાસ હાથ ધરી છે હવે ચાંદોદ પોલીસ કેવા પ્રકારની કામગીરી કરે છે એ જોવુ રહ્યું. એક વાત નક્કી કે ચાંદોદ, કરનાળી, પીપળીયા મા રેતી માટી અંધકાર થતાં જ ગેરકાયદે ખોદકામ ચાલુ થઈ જાય છે.

#### નગરમાં ભવ્ય શોભાયાત્રાએ આકર્ષણ જમાવ્યુ

## બોડેલી નગરમાં રામનવમીનો તહેવાર ધામધૂમ અને ભક્તિભાવ સાથે ઉજવવામાં આવ્યો



(પ્રતિનિધિ) બોડેલી, તા.27

ઉત્સવ અને ધર્મપ્રિય બોડેલી નગરમાં પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ યુવા મિત્ર મંડળ, રામજી મંદિર બોડેલી દ્વારા શ્રી રામનાં જન્મોત્સવ નિમિત્તે ભગવાન શ્રીરામની પૂજા- અર્ચના કરી પ્રભુ શ્રીરામની છબી સાથે સુંદર રીતે સુશોભિત કરાયેલ રથમાં 21 ફુટની હનુમાનજીની ગદા સાથે અલીપુરાનાં શ્રી ખોડીયાર માતાનાં મંદિરથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. શોભાયાત્રા અલીપુરા ખોડીયાર માતાના મંદિરથી નીકળી અલીપુરા પહોંચી જ્યાં શ્રીરામની આરતી કરી શોભાયાત્રા આગળ વધી બોડેલીનાં માર્ગો પર ફરી રામજી મંદિર પહોંચી હતી જ્યાં શોભાયાત્રામાં મોટી સંખ્યામાં જોડાયેલા સનાતન હિંદુ ધર્મનાં ભક્તોએ પ્રભુ શ્રીરામની સમૂહ આરતી કરી ધન્યતા અનુભવી હતી.

હિંદુ ધર્મમાં રામનવમીનું વિશેષ મહત્વ છે, અને આ દિવસે શ્રી રામનાં જન્મની ઉજવણી કરવામાં આવે છે આ પ્રસંગે મંદિરોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. ભક્તોએ પૂજા- અર્ચના કરી અને ભગવાન શ્રી રામનાં આશીર્વાદ મેળવ્યા હતા. મંદિરોમાં રામધૂન, ભજન-કીર્તન અને ધાર્મિક કાર્યક્રમો યોજાતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

## પ્રાકૃતિક ખેતીના વ્યાપ વધે માટે કમિટીની સમીક્ષા બેઠક યોજાઈ

**કમિટીના** સભ્યો દ્વારા બીઆરસી યુનિટના સંચાલક રમેશભાઈ રાઠવાના પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લીધી



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.27

રાસાયણિક ખેતી મુક્ત ગુજરાતના નિર્ધારને સાકાર કરવાના ઉમદા હેતુ સાથે છોટાઉદેપુરના ચીલરવાંટ ખાતે તાલુકા કક્ષાની પ્રાકૃતિક કૃષિ સમિતિની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન સરકારશ્રીના અભિગમ મુજબ ખેડૂતોને રાસાયણિક ખાતર અને જંતુનાશકોના ચક્રવ્યૂહમાંથી મુક્ત કરી 'દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી' તરફ વાળવા માટે સઘન આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાકૃતિક કૃષિ એ માત્ર ખેતી પદ્ધતિ નથી, પરંતુ પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્યના જતન માટેનું એક અભિયાન છે. આ બેઠકમાં ગ્રામ્ય સ્તરે ક્લસ્ટર મીટિંગો યોજવા, જીવામૃત અને ઘન જીવામૃતના ઉપયોગ અંગે પ્રત્યક્ષ નિદર્શન આપવા તથા વધુમાં વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના પોર્ટલ પર નોંધણી કરાવવા બાબતે જરૂરી માર્ગ દર્શન આપવામાં આવ્યું હતું. સાથે કમિટીના સભ્યો દ્વારા બીઆરસી યુનિટના સંચાલક રમેશભાઈ રાઠવાના પ્રાકૃતિક ફાર્મની મુલાકાત પણ લેવામાં આવી હતી.

## શ્રી રામ ના જન્મદિવસની શિનોરમાં નગરજનોએ ભારે હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવી

**શ્રી રામ** ભગવાનની મહા આરતી કરવામાં આવી હતી



(પ્રતિનિધિ) શિનોર, તા.27

શિનોર પોલીસ સ્ટેશન પાસે આવેલ ભગવાન શ્રી રામજી મંદિરને ધજા પતાકા અને ફુગ્ગાથી સજાવ્યું હતું. આજે સવારથી જ ભાવીક ભક્તો રામજી મંદિરે શ્રી રામ ભગવાનના દર્શન માટે ઉમટી પડ્યા હતા. બપોરે 12 કલાકે શ્રી રામ ભગવાન ની મહા આરતી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામા ગ્રામજનો જોડાઈ અને દર્શનનો લાભ લીધો હતો. ત્યારબાદ મંદિરના મહારાજ દ્વારા આજે કુંવારિકા ભોજન રાખવામાં આવ્યું હતું. સાંજે 6 કલાકે રામજી મંદિરથી શણગારેલા ટ્રેક્ટર મા શ્રી રામ ભગવાનની છબી અને આગળ હનુમાનજી દાદાની છબી સાથે શોભાયાત્ર ડીજેના તાળે નીકળી હતી. યુવાનો દ્વારા યોજાયેલ આ શોભાયાત્રા રામ ભગવાનના ભજનો સાથે સાથે આતાશબાજી કરી ગામમાં રામ મય વાતાવરણ ઉભું કર્યું હતું. આ શોભાયાત્રા રામજી મંદિરથી ભટ્ટશેરી, ચારભાગ, મેઈન બજાર થઈ બસ સ્ટેન્ડ રણછોડરાયજી મંદિરે પોંહચીને ત્યાં ગામના આગેવાનો સચિન પટેલ, નિતિન ખત્રી અને બજરંગ દળના ગોપાલ મહારાજ દ્વારા મહા આરતી કરવામાં આવી હતી. શોભાયાત્રામા મોટી સંખ્યામાં વડીલો, મહિલાઓ, યુવાધન જોડાયું હતું.

### પાદરા તાલુકામાં નર્મદા કેનાલમાં ડૂબી જતા કિશોરનું મોત

પાદરા.તા. 27

ઘટનાની વિગત અનુસાર અંકોળીયા ગામની સીમમાં લક્ષ્મીપુરાથી ભીમપુરા તરફ જતા નર્મદા કેનાલના પાણીમાં હર્ષવર્ધન ખીં વિક્રમ દીલ બહાદુર ક્ષત્રિ (ઉંમર ૧૫ વર્ષ), રહે. સમન્વય સ્પર્શ, વડસર, વડોદરા શહેર ડૂબી ગયા હતા. આ ઘટનાના બીજા દિવસે ડભાસા ગામની સીમમાં આવેલ રામનગર વિસ્તારના ગરનાળા પાસે નર્મદા કેનાલના વહેતા પાણીમાં કિશોરની લાશ મળી આવી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો અને પોલીસ તંત્ર તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યું હતું. મૃતકના પિતા વિક્રમ દીલ બહાદુર ક્ષત્રિ દ્વારા માહિતી આપવામાં આવી હતી. અને તેની વિગત મુજબ ડેડ બોડીની ભાળ મળી હતી.

#### કુળદેવીનાં દર્શન કરી મહાપ્રસાદ લઈ ભક્તો કૃતાર્થ થયા

## ફુલબાઈ માતાજીનાં દર્શને રેવાકાંઠા ભાવસાર સમાજ મોટી સંખ્યામાં ઉમટ્યા

**હવનનાં** દર્શનનો તેમજ મહપ્રસાદીનો લાભ લીધો



(પ્રતિનિધિ) બોડેલી, તા.27

છોટાઉદેપુર જિલ્લાનાં બોડેલી તાલુકાનાં અંતરિયાળ એવા ટીમ્બરવા ગામે હેરણ નદીનાં કિનારે મૉ ફેણાઈ માતાજીનાં પર્વતોની હારમાળા અને નયનરમ્ય કુદરતી વનરાજી વચ્ચે બિરાજમાન રેવાકાંઠા ભાવસાર સમાજનાં કુળદેવી તરીકે પૂજાતા મૉ ફુલબાઈ માતાજીનાં મંદિરે વર્ષોથી ચૈત્ર સુદ આઠમનાં રોજ નિયમિતપણે માતાજીનો યજ્ઞ હવન કરવામાં આવે છે ત્યારે સમગ્ર ગુજરાત જ નહીં પણ અન્ય રાજ્યમાં વસતા રેવાકાંઠા ભાવસાર સમાજનાં જ્ઞાતિજનો ખૂબ મોટી સંખ્યામાં ચૈત્ર સુદ સાતમ અને આઠમનાં એમ બે દિવસે ખૂબ મોટી સંખ્યામાં ઉમટી માતાજીનાં દર્શન સાથે માતાજીના યજ્ઞ- હવનનાં દર્શન નો તેમજ મહપ્રસાદીનો લાભ લઈ કૃતાર્થ થતા હોય છે આ વર્ષે તારીખ 25 અને 26 માર્ચ બુધવાર અને ગુરુવારનાં બે દિવસો દરમિયાન માતાજીનાં દર્શન માટે મોટી સંખ્યામાં રેવાકાંઠા ભાવસાર સમાજનાં જ્ઞાતિજનો ઉમટ્યા હતા અને માતાજીનાં દર્શન સાથે યજ્ઞ હવનનાં દર્શન કરી મહાપ્રસાદનો લાભ લઈ કૃતાર્થ થયા હતા.

વર્ષોની જેમ આ વર્ષે પણ શ્રી ફુલબાઈ માતાજી રેવા કાંઠા ભાવસાર સંઘ દ્વારા ટીંબરવા ગામે સાતમના દિવસે આવેલા જ્ઞાતિજનો માટે મંડપ બાંધી રહેવા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યાં સાતમની રાત્રીએ સંઘની સાધારણ સભા કરવામાં આવી હતી.

#### ભારતભરમાંથી સંતો મહંતો અને મહામંડલેશ્વરો ઉપસ્થિત રહેશે

## સિદ્ધપીઠ ચનવાડા ધામ ખાતે વિશ્વ કલ્યાણ અર્થે ૧૨૧ કુંડીય હોમાત્મક શિવ અતિરુદ્ર મહાયાગનું આયોજન

**મહિલા** સંમેલન, ધર્મસભા સહિત લોકડાયરો યોજાશે

(પ્રતિનિધિ) ડભોઈ, તા.27

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના ચનવાડા ખાતે સમર્થ સદગુરુ ભગવાન શ્રી દાદુરામબાપાની તપસ્થલી શ્રી પ્રેમધારા યોગાશ્રમ - સિદ્ધપીઠ ચનવાડા ધામ (કાનમ પ્રદેશ - ગુજરાત) ખાતે ૧૨૧ કુંડીય હોમાત્મક શિવ અતિરુદ્ર મહાયાગનું ચૈત્ર સુદ અગિયારસ તા. ૨૯- ૦૩- ૨૦૨૬ રવિવાર થી ચૈત્ર સુદ પૂનમ તા. ૦૨- ૦૪- ૨૦૨૬ ગુરુવાર દરમ્યાન દિવ્ય-ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

પરમ પૂજ્ય પરમ વંદનીય ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સમર્થ સદગુરુ શ્રી મહર્ષિ મસ્ત દાદુરામબાપુજીની કૃપા, પ્રેરણા, માર્ગદર્શન અને અસીમ આશીર્વાદથી વિશ્વ કલ્યાણની ઉદાત્ત-વિશાળ ભાવનાથી અનંત કોટી બ્રહ્માંડ નાયક દેવાધિદેવ ભગવાન શ્રી સદાશિવ ભોલેનાથ તેમજ તેત્રીસ કોટી દેવી દેવતાઓની પ્રસન્નતાર્થે શિવ અતિરુદ્ર મહાયાગનું આયોજન કરવામાં આવ્યું છે.આ પ્રસંગે ભારતભરમાંથી સંતો, મહંતો, મહામંડલેશ્વરો,રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેશે.

લઘુ મહંત શ્રી માનસરોવરદાસ બાપુએ જણાવ્યું કે તા.૨૯- ૩- ૨૬ ના રોજ દેવતાઓના પાવન આહવાન સાથે નવચંડી યજ્ઞનો પ્રારંભ થશે. જ્યારે તા.૦૨- ૦૪- ૨૬ ના રોજ સાંજના ૩.૩૦ કલાકે યજ્ઞની પૂર્ણાહુતિ થશે. તા.૨૯-૦૩-૨૬ ના રોજ સાંજે ભજન, તા.૩૦ ના રોજ સવારે ૧૦ કલાકે મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૩૧ ના રોજ રાજભા ગઢવી, રશ્મિતાબેન રબારી અને નીશુ બાપુ જેવા કલા આરાધકોની ઉપસ્થિતિમાં રાત્રે ૯.૦૦ કલાકે ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૩૧ ના રોજ સવારે સંતો મહંતોની ભવ્ય શોભાયાત્રા અને સાંજના ચાર કલાકે દિવ્ય ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું છે.